## વડોદરા મહાનગર પાલીકા

www.vmc.gov.in

### પેન્શનરો/ ફે.પેન્શનરો ની હયાતીની ખાત્રી કરવા અંગે

વડોદરા મહાનગરપાલીકના ગેસ ખાતા સહના પેન્શનરોને જણાવવામાં આવે છે કે, સને ૨૦૧૯ ના વર્ષ માટે પેન્શનરો-ફેમીલી પેન્શનરોએ પોતાની હયાતીની ખાત્રી કરાવવા, પુન:લગ્ન નહિં કર્યા અંગે મ્યુનિ.કાઉન્સિલરશ્રી અથવા સરકારી ગેઝેટેડ અધિકારીશ્રીનુ પ્રમાણપત્ર રજુ કરવા, ફેમીલી પેન્શન મેળવતા વારસદાર પુત્ર-પુત્રી-માતા-પિતાની માસિક આવકનુ પ્રમાણપત્ર રજુ કરવા, પેન્શન નંબર, ઠરાવ સાથે હિસાબી શાખા (પેન્શન વિભાગ), ખંડેરાવ માર્કેટમાં તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧-૨૦૧૯ સુધીમાં સંપર્ક કરવો. ચાલુ વર્ષે હયાતિ અંગેની ખાત્રી બાયોમેટ્રીક પધ્ધતિથી પણ કરવાની છે. જેથી પેન્શનર/ફે. પેન્શનરશ્રીઓએ તેમના બેંક પાસબુક તથા ઓળખના પુરાવા સાથે (ચુટણી કાર્ડ/આધાર કાર્ડ/પાનકાર્ડ વિગેરે) આવવાનુ રહેશે. તથા જે પેન્શરોએ બાયોમેટ્રીક કરાવવાનું બાકી છે તેવા તમામ પેન્શનરોએ પોતાનો આધારકાર્ડ, પાનકાર્ડ, જન્મ તારીખનો પુરાવો (જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ, પાસપોર્ટ, સીવીલ સર્જનનુ સર્ટીફીકેટ) તેમજ ૧૪ આંકડાના બેંક એકાઉન્ટ નંબરવાળી પાસબુકની નકલ અચૂક રજુ કરવાની રહેશે. આવક વેરા કાયદા મુજબ ટેક્ષનેપાત્ર પેન્શનરોએ તેમના પાનકાર્ડની નકલ તથા રોકાણોની વિગતો (પુરાવા સહ) હયાતી દરમ્યાન બીનચુક રજુ કરવાની રહેશે.

વડોદરા શહેર બહાર નિવાસ કરતા પેન્શનરો-ફેમીલી પેન્શનરોને પણ આથી સુચીત કરવામાં આવે છે કે, તેઓએ તેમની હયાતીની ખાત્રી હિસાબીશાખાનાં પેન્શન વિભાગમાં સદર મુદતમાં કરાવી જવી.

તા.૧-૧-૨૦૧૯ થી તા.૩૧-૧-૨૦૧૯ દરમ્યાન હયાતીની ખાત્રી નહિ કરાવનાર પેન્શનરો/ ફે.પેન્શનરોનુ ફેબ્રુઆરી ૨૦૧૯ થી પેન્શન બંધ થવાને પાત્ર થશે, જેની ખાસ નોંધ લેવી.

સહી. અજય ભાદુ (આઈ.એ.એસ)<br>મ્યુનિસિપલ કમિશનર

પી.આર.ઓ.નં. ૭૩૭/૧૮-૧૯